દાખલ તા.૧૫/૦૯/૨૦૨૩
રજુ કર્યા તા.૧૫/૦૯/૨૦૨૩
ફેસલ તા. ૧૭/૦૭/૨૦૨૬

**<u>મહે. પોરબંદરના જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. પોરબંદર</u>**

**ફો .કેસ નંબર:૪૨૮૬/૨૦૨૩**

**આંક–**

**ફરીયાદી :– શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :–** (૧) સામત ખીમાભાઈ હુણ
ઉ.વ.૨૬,
રહે. કોલીખડા ગામ રબારી કેડા તા.જી.પોરબંદર
(૨) નંદુસીંગ ઉર્ફે નંદુ કિશનસીંગ શેખાવત
ઉ.વ.૪૩,
રહે.બિરલા ફેકટરી સામે બાલાજી દંગામાં ,
પોરબંદર
(૩) રાકેશ ઉર્ફે રાજુ સોમનાથ ગાયકવાડ
ઉ.વ.૫૪,
રહે. ચોપાટી ભાવીસીંહજી હોસ્પિટલ સામે,
પોરબંદર
(૪) ગોવીંદ લખમણ ઉર્ફે પવન કોડીયાતર
રહે. પૅરેડાઈઝ સીનેમા પાછળ, રબારી કેડા,
પોરબંદર
(૫) હરેશ વેજા ગુરગુટીયા
ઉ.વ.૨૨,
રહે. આદીત્યાણા તા.રાણાવાવ જી. પોરબંદર

**(૬) લાખા આવડાભાઈ મકવાણા**

**ઉ.વ.૪૧**

**રહે. કોલીખડા ગામ, રબારી કેડા,**

**તા.જી. પોરબંદર**

ગુનો :- ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૬(૧)(બી), ૬૫ઈ, ૮૧ ૯૮(૨)મુજબ

---

**ફરીયાદ પક્ષે:- વિ.એ.પી.પી.શ્રી. એમ.બી.જાડેજા**

**બચાવ પક્ષે :-આરોપી નં.૧ અને ૬તરફે વિ.વ.શ્રી. એમ.જી.શીંગરખીયા**

**આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી.કે.વી.મારૂ**

**આરોપી નં.૩,૪,૫ તરફે વિ.વ.શ્રી. એ.એસ.સેલોત**

---

**-: જજમેન્ટ :-**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ થી ૩ નાઓએ ગઈ તા.૧૯/૦૩/૨૦૨૩ ના કલાક-૧૫.૦૫ વાગ્યે પોરબંદર બીરલા કોલોની સોલ્ટના દંગાની બાજુમા ટ્રકની આડસમાં મારૂતી સ્વીફ્ટ કાર નં. જીજે-૦૮-એજે-૭૪૪૦ માંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી પીવાનો દારૂ ભરેલ ૧-૧ લીટરની કોથળી નંગ-૨૧૫ ભરેલ બાચકા નંગ-૯, કુલ દેશી દારૂ લી.૨૧૫ ની હેરફેર કરતા દેશી દારૂ કી.રૂા.૪૩૦૦/- તથા મારૂતી સ્વીફ્ટ કાર નં.જીજે-૦૮-એજે-૭૪૪૦ ની કી.રૂા.૧૦૦૦૦૦/- મળી કુલ કી.રૂા.૧૦૪૩૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી નં.૧ થી ૩ ના મળી આવતા પકડાઈ જઈ સદર દારૂનો જથ્થો આરોપી નં.૧ નાએ આરોપી નં.૪ પાસેથી વેચાણ થી લાવી આરોપી નં.૨,૩,૫,૬ નાઓએ આરોપી નં.૧ પાસેથી મંગાવી તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો કરતા આરોપીઓ વિરૂદ્ધ કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવામાં આવતાં તે ફરીયાદના આધારે તપાસ કર્યા બાદ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૨.** ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ હાલના આરોપીઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને ફોજદારી કાર્યવાહીના કાયદા ૧૯૭૩ ની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક-૯ થી તહોમતનામું ધડી અનુક્રમે આંક-૧૦, આંક-૧૧, આંક-૧૨, આંક-૧૩, આંક-૧૪ અને આંક-૧૫ થી આરોપીઓની પ્લી લેતાં આરોપીઓને તેના પર આરોપવામાં આવેલ ગુન્હા અંગે સમજ આપવામાં આવેલ. ત્યારબાદ આવો ગુન્હો કબુલ છે કે કેમ? તે બાબતે નિવેદન લેતાં આરોપીઓએ ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરતા કેસ ફરીયાદપક્ષના પુરાવાના તબક્કે આવેલ.

**૩.** સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે નીચે મુજબનો મૌખીક તેમજ લેખીત દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અક્ષયભાઈ જગતસીંહ ઝાલા ની જુબાની | ૨૬ |
| ૨ | પંચસાહેદ રમેશભાઈ કેશુભાઈ સોઢાતરની જુબાની | ૨૮ |
| ૩ | પંચસાહેદ કીશોર વિનુ રાયમગીયાની જુબાની | ૩૦ |
| ૪ | ત.ક.અ. વીરમભાઈ સરમણભાઈ આગઠની જુબાની | ૮૪ |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૭ |
| ૨ | પંચનામુ | ૨૯ |
| ૩ | એફ.એસ.એલ. રવાનગી પત્રક | ૮૫ |
| ૪ | એફ.એસ.એલ. પૃથ્થકરણ અહેવાલ | ૮૬ |

**૪.** સદર કામે ઉપર મુજબનો પુરાવો નોંધાયા બાદ ફરીયાદપક્ષ દ્વારા બીજો કોઈ પુરાવો આપવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષની મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કર્યો હતો. ત્યારબાદ આરોપીઓનુ સી.આર.પી.સી.ની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

જેમાં આરોપીઓએ પોતે કોઈ ગુન્હો કરેલ ન હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષકારોની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. આ કામે ફરીયાદપક્ષના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ દલીલો પરથી નીચે મુજબના મુદ્ધાઓ આ અદાલતના ન્યાયીક નીર્ણય માટે ઉપસ્થીત થયા છે.

**૫. મુદ્ધા નં.૧**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી નં.૧ થી ૩ નાઓએ ગઈ તા.૧૯/૦૩/૨૦૨૩ ના કલાક–૧૫.૦૫ વાગ્યે પોરબંદર બીરલા કોલોની સોલ્ટના દંગાની બાજુમા ટ્રકની આડસમાં મારૂતી સ્વીફ્ટ કાર નં. જીજે–૦૮–એજે–૭૪૪૦ માંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી પીવાનો દારૂ ભરેલ ૧–૧ લીટરની કોથળી નંગ–૨૧૫ ભરેલ બાચકા નંગ–૯, કુલ દેશી દારૂ લી.૨૧૫ ની હેરફેર કરતા દેશી દારૂ કી.રૂા.૪૩૦૦/– તથા મારૂતી સ્વીફ્ટ કાર નં.જીજે–૦૮–એજે–૭૪૪૦ ની કી.રૂા.૧૦૦૦૦૦/– મળી કુલ કી.રૂા.૧૦૪૩૦૦/– ના મુદ્ધામાલ સાથે આરોપી નં.૧ થી ૩ ના મળી આવતા પકડાઈ જઈ સદર દારૂનો જથ્થો આરોપી નં.૧ નાએ આરોપી નં.૪ પાસેથી વેચાણ થી લાવી આરોપી નં.૨,૩,૫,૬ નાઓએ આરોપી નં.૧ પાસેથી મંગાવી તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો આરોપીઓએ પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૮૧ , ૯૮(૨) મુજબ નો ગુનો કરેલ છે?

**૨. શું હુકમ**

**૬. મુદ્ધાઓ પરના નિર્ણયો**

**મુદ્ધા નંબર :૧– નકારમાં**

**મુદ્ધા નંબર :૨– આખરી હુકમ મુજબ**

**૭. નિર્ણયો માટેના કારણો**

**મુદ્દા નં.૧ અને ૨**

**(૭.૧)** આ કામે આંક– ૨૮ અને આંક–૩૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદો દ્વારા આંક–૨૯ ના પંચનામામાં સહી કર્યા સીવાય બીજું કાઈ જાણતા ન હોવાનુ જણાવે છે. ઉપરોક્ત પંચસાહેદો પોલીસે એક કાગળમાં તેઓની સહી કરાવેલી હોવાનુ જણાવી પંચનામાની વિગતો જાણતા ન હોવાનું જણાવે છે, આમ, પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આમ, આ કામે પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી ત્યારે ફરીયાદપક્ષના કેસ સંદર્ભે શંકા ઉદભવે છે. આંક–૨૯ નું પંચનામું પંચોની રૂબરૂ અને હાજરીમાં કરવામાં આવેલ નથી. તેમજ સદર પંચો રૂબરૂ આ કામેનો મુદ્દામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ પોલીસે પંચો રૂબરૂ કાર્યવાહી અનુસરેલા હોવાનું પુરવાર થતું નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું નથી.

**(૭.૨)** ત્યારબાદ સદર કામે આંક–૨૬ થી ફરીયાદી સાહેદ અક્ષય જગતસીંહ ઝાલા ને તપાસવામાં આવેલ છે. તેઓઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગત તા.૧૯/૦૩/૨૦૨૩ ના અરસામાં તેઓ કમલાબાગ પો.સ્ટેમાં પો.કોન્સ તરીકે ફરજ પર હતા તે દરમ્યાન અમો તથા પો.સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા બીરલા ફેકટરીના ગેઈટ પાસે પહોંચતા ખાનગી બાતમી રાહે હકીકત મળેલ કે સોલ્ટના દંગાની બાજુ માં ટ્રક પાર્કીંગ ની જગ્યામાં ટ્રકની આડસમાં અમુક માણસો ફોર વ્હીલમાંથી દેશી દારૂની હેર ફેર કરે છે અને હાલ આ પ્રવૃતી ચાલુ છે જેથી સાથેના પી.એસ.આઈ. એમ.એલ.સોલંકી સાહેબે બે પંચો નં.૧) કિશોર વિનુભાઈ રાયમગીયા તથા નં.૨) રમેશ કેશુ સોઢાતરને બોલાવી હકીકતની સમજ કરી પંચો સાથે બાતમી હકીકત વાળી જગ્યાએ જઈને જોતા ત્યાં ત્રણ ઈસમો બે ટ્રકની વચ્ચે એક ફોર વ્હીલ કારમાંથી બાચકા ઉતારતા જોવા મળેલ તેઓને જેમ ના તેમ રોકી સ્વીફટ કાર ચેક કરતા ડેકીમાં બાચકાઓ ભરેલ જોવા મળેલ જે બાચકાઓ પંચો રૂબરૂ ખોલી જોતા તેમાં દેશી દારૂ ની પોલીથીન ની પ્રવાહી ભરેલ કોથળીઓ હોય દેશી દારૂની

વાંસ આવતી હોય ત્રણેય ઈસમોના વારફરતી નામ ઠામ પુછતા ક્રમ નં.૧) સામત ખીમા હુણ નં.૨) રાકેશ ઉર્ફે રાજુ સોમનાથ ગાયકવાડ નં.૩) નંદુસીંગ ઉર્ફ નંદુ કીશનસીંહ શેખાવતા હોવાનુ જણાવેલ. સદર ઈસમો પાસે મળી આવેલ બાચકાઓ ગણી જોતા કુલ–૯ બાચકાઓ હતા જે દરેક માં પોલીથીનની કોથળી– ૨૫–૨૫ અને એક બાચમાં કુલ–૧૫ એમ મળી કુલ–૨૧૫ કોથળીઓ મળી આવેલ. તેમાંથી દેશી દારૂ ની તીવ્ર તથા પુષ્કળ વાંસ આવતી હોય જેથી સદર ઈસમો પાસે થી પાસ પર્મીટ માંગતા નહી હોવાનુ જણાવતા સદર કોથળીયોમાંથી થોડો દારૂ કેમી તપાસણી અર્થે કાંચની નાની બોટલમાં લઈ કિ.રૂ.૦૦ ગણી બાકીનો દેશી દારૂ લી.૨૧૫ કિ.રૂ.૪૩૦૦/– તથા સદર દેશી દારૂની હેરફેરમાં ઉપયોગમાં લીધેલ સ્વીફ્ટ કાર જી.જે.૦૮.એ.જે.૭૪૪૦ કિ.રૂ.૧,૦૦,૦૦૦/– ગણી કબ્જે કરી સદર દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા તે અંગે ત્રણેય ઈશમોને પુછતા સામત ખીમા હુણે જણાવેલ કે આ જથ્થો આદિત્યાણાના હરેશ વેજા ગુરગુટીયા પાસેથી લાવેલ છે તથા આમાંથી ૭૫ લીટર દેશી દારૂ બીરલા ફેકટરીના દંગામાં રહેતા નંદુ કિશનસીંહ શેખાવતને આપવાનો હતો તથા ૧૫ લીટર દારૂ ભાવસીંહજી હોસ્પીટલ સામે રહેતા રાજુ ગાયકવાડ ને આપવાનો હતો તથા ૭૫ લીટર દેશી દારૂ પેરેડાઈઝ સીનેમા રબારી કેડામાં રહેતા ગોવીંદ લખમણ ઉર્ફે પવન કોડીયાતરને આપવાનો હતો તથા ૫૦ લીટર દેશી દારૂ કોલીખડાના લાખા આવડા મકવાણાને આપવાનો હતો. જે અંગેનુ વિગતવારનું પંચનામુ કરી મજકુર ઈસમો ની ધોરણસર અટક કરેલી.સદર ગુનાની સરકાર તર્ફ તેઓએ ફરીયાદ આપેલી. સાહેદ ને અસલ ફરીયાદ બતાવામાં આવે છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

જ્યારે આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, ફરીયાદમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં નીકળ્યા તેનો રજી.નંબર ફરીયાદમાં જણાવેલ નથી. કર્ડ જોતા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલ નથી. બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને ત્યાં સતત માણસોની અવરજવર રહે છે.

(૭.૩) ત્યારબાદ સદર કામે આંક–૮૪ થી ત.ક.અ. સાહેદ વીરમભાઈ સરમણભાઈ આગઠ ને તપાસવામાં આવેલ છે. તેઓઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કમલાબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૨૦૧/૨૦૨૩ ના કામે પી.એસ.ઓ શ્રી એ તેઓને આગળની તપાસ સોંપેલ.સદર કામમા ડે.હુકમ મળી આવતો ન હોય હાલે રજુ રખાવી શકે તેમ નથી. આ અન્વયે એફ.એસ.એલ કેમીકલ તપાસણી અર્થે મોકલેલ રવાનગી પત્રક રજુ રાખેલ છે. આ અન્વયેનાં એફએસલના અહેવાલ ખરી નકલ રજુ રાખેલ છે. આ અન્વયે તેઓએ લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધેલા.

જ્યારે આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલ નથી. બનાવવાળો વિસ્તાર એ જાહેર વિસ્તાર છે અને લોકોની અવરજવર રહેતી હોય છે. તપાસના કામે બનાવના સ્થળે તેઓ ગયેલ નથી.

૮. નામ. ગુજરાત વડી અદાલત દ્ધારા આપવમામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

**2016 (4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR**

SURJITSINGH JAT( SHIKH0 & other " In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be trained and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper.

વધુમાં, સદર કામે રેકર્ડ ધ્યાને લેતા આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો કે જેઓ રૂબરૂ આરોપીઓના કબજા ભોગવટામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે. તેઓ પોતાની રૂબરૂ સદર પંચનામું થયેલ હોવાની

હકીકત સબબ ફરીયાદ  પક્ષનો કેસ છે. તેઓ પોતાની રૂબરૂ સદર પંચનામું થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. તે જ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે. આ કામે ત.ક.અમલદારે તેવું પંચનામું કર્યું હોવાની હકીકત રજુ થયેલા પોલીસ પેપર્સ ઉપરથી જણાતુ નથી. તેમજ ફરીયાદ મુજબના રેઈડ વાળા સ્થળે સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આવા કોઈ સાહેદોના નીવેદન લીધા હોવાનું રજુ થયેલા પોલીસ પેપર્સ જોતા જણાતુ નથી. જો આ સંદર્ભે નામ. ગુજરાત હાઈકોર્ટનો **દીલીપ સાન્શી – વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો** ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે,

"  In absence of specified evidence form technical sym FSL and in absence of specific evidence regarding quality and quantity of muddamal; and in the absence of proper evidence by the witness conforming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, is is difficult to confirm the conviction of the person."

વધુમા ફરીયાદપક્ષે જે પંચ સાહેદો તપાસેલ છે. તે પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપતાં ન હોઈ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.તે સંજોગોમાં જે મુદ્દમાલ મળેલ છે.  આરોપીઓના જાત કબ્જા માં થી મળેલ હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. સ્ટેટ વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી એ.આઈ.આ.૧૯૬૦ ગુજ.૨૪ ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે,“Wher the presence of the panchas is obligatroy at the time of search the evidence of the police officer conducting the search must

ordinarily be corroborated and that if there is no surch corroboration ,ordinarily , a conclusion shold not rest solely on the uncorroborated testimony of the police officer who conducted the search “ the corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of panchas is usually the evidence of the panchs at any rate the corroboration must be from a source independent of the police officer who made the search “

આરોપીઓ વિરુધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોના પુરાવો જોતાં ફરીયાદ પક્ષ આરોપીઓના કબજા ભોગવટામાંથી દેશી દારૂ મળી આવેલ હોવાથી હકીકત પુરવાર કરી શકેલ નથી. તે તમામ સંજોગો, રેકર્ડ, ફરીયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે. આમ રેકર્ડ ઉપરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાના સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવાથી કોઈ અર્થ સરે તેમ ન હોય ત્યારે સમયનો વ્યય થાય તેમ હોય, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈ મધ્યે નજર રાખતાં આરોપીઓ સામેનો કેસ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરી શકતા ન હોય તેમજ નામ. સર્વોચ્ચ અદાલતને તેના ચુકાદામાં સતીષ મહેરમાં પ્રસ્થાપિત કરેલ છે.

" When judge is certain that there is no prospect of case ending in conviction time of court should not br wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

૯. સમગ્રપણે, આ કામના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવો લક્ષમાં લેતાં આ કામે એકમાત્ર સ્વતંત્ર પંચ સાહેદોએ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન આપેલ નથી. અન્ય સાહેદોએ પોલીસ વિટનેસ છે. આમ, એકમાત્ર પોલીસ વિટનેસની જુબાનીના આધારે આરોપીઓને ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય નહિ, જેથી આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ,નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ અને વિશ્વશનીય પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવા ન્યાયોચિત જણાય છે.

**૧૦**.આમ, સદર કેસમાં ફરીયાદ પક્ષ નિ:શંકપણે આરોપીઓ વિરુધ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, . મુદાનં. ૧ ''નકારમાં' નિર્ણીત કરી , મુદા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો 'આખરી હુકમ' કરવામાં આવે છે.

**<u>-:: આ ખ રી હુ ક મ ::-</u>**

૧. આ કામના આરોપી :-**(૧)સામત ખીમાભાઈ હુણ (૨) નંદુસીંગ ઉર્ફે નંદુ કિશનસીંગ શેખાવત (૩) રાકેશ ઉર્ફે રાજુ સોમનાથ ગાયકવાડ (૪) ગોવિંદ લખમણ ઉર્ફે પવન કોડીયાતર (૫) હરેશ વેજા ગુરગુટીયા (૬) લાખા આવડાભાઈ મકવાણા ગીરનારી નાઓને કમલાબાગ પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ સી- ૧૧૨૧૮૦૦૯૨૩૦૨૦૧/૨૦૨૩** ના કામે સી.આર.પી.સી.ની કલમ-૨૪૮(૧) મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૮૧,૯૮(૨) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** અપીલ સમય વિત્યા બાદ, આ કામે કબજે લેવામાં આવેલ પ્રોહી મુદામાલનો નિયમાનુસાર નાશ કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. વધુમાં આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ વાહન અંગે આ કામે કોઇ વચ્ચગાળાઓ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ વાહન માલીકીની યોગ્ય ખરાઇ કરી તેના માલીકને સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૪. સી.આર.પી.સીની કલમ–૪૩૭ મુજબ આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

૪. હુકમ આજરોજ તા.૧૭ મી, માહે: જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : **૧૭ /૦૭/૨૦૨૬**

સ્થળ : **પોરબંદર**

**(કુ.સબા સૈયદ)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**પોરબંદર**
**કોડ નં.જી.જે.૦૧૫૭૮**